# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date : 08-11-2024** **Evening : 7.50 to 8.00**
**Day : Friday** **National News**

**આકાશવાણી સમાચાર સંસ્કૃતિ ભુંડિયા વાંચે છે.**

**************************************************

- ✓ રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુએ કહ્યું છે કે, ભ્રષ્ટાચાર દેશની આર્થિક પ્રગતિમાં અવરોધરૂપ હોવાની સાથે સાથે સામાજીક વિશ્વાસને ગંભીર અસર પહોંચાડે છે.
- ✓ પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ જણાવ્યું છે કે, મહારાષ્ટ્રમાં ઉજ્જવલા યોજના હેઠળ 50 લાખથી વધુ મહિલાઓને રાંધણગેસના જોડાણો અપાયા છે તેમજ હર ઘર જલ યોજના હેઠળ સવા કરોડથી વધુ પરિવારોને પીવાનું પાણી અપાઇ રહ્યું છે.
- ✓ કર્મચારી પેન્શન યોજના માટેના તેમજ નવી કેન્દ્રીય પેન્શન ચૂકવણી અંગેના પાયલટ પ્રોજેક્ટની ચકાસણી સફળતાપૂર્વક સંપન્ન થઇ છે.
- ✓ 55મા આંતરરાષ્ટ્રીય ગોવા ફિલ્મ ફેસ્ટિવલમાં મર્કટ બ્રોસ નિર્મિત ગુજરાતી ફિલ્મ 'કારખાનું' પસંદગી પામી છે.
- ✓ ભારત અને દક્ષિણ આફ્રિકા વચ્ચે ટી-20 ક્રિકેટ મેચની શ્રેણીની પ્રથમ મેચ આજે ડરબનમાં ભારતીય સમય અનુસાર રાતે સાડા આઠ વાગ્યાથી રમાશે.
- ✓ ભારતના કિરણ જ્યોર્જે કોરિયા માસ્ટર્સ બેડમિન્ટન સ્પર્ધાની પુરુષોની સિંગલ્સની સેમિફાઇનલમાં પ્રવેશ કર્યો છે.

**************************************************

(ન્યૂઝ બ્રેક – આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો)

(સમાચારને અંતે – આકાશવાણી પરથી સમાચાર પૂરા થયા)

## REV-PRESIDENT-VIGILANCE-AWARENESS-WEEK

રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુએ વિશ્વાસને સામાજીક જીવનનો પાયો ગણાવીને કહ્યું છે કે, ભ્રષ્ટાચાર દેશની આર્થિક પ્રગતિમાં અવરોધરૂપ હોવાની સાથે સાથે સામાજીક વિશ્વાસને ગંભીર અસર પહોંચાડે છે. તેઓ આજે દિલ્હીમાં કેન્દ્રીય તકેદારી પંચ દ્વારા તકેદારી જાગૃતિ સપ્તાહની ઉજવણી સમારંભમાં બોલી રહ્યા હતા. તેમણે વિશ્વાસ વ્યક્ત કર્યો કે, સરકારની ભ્રષ્ટાચાર સામેની કડક નિતીના કારણે ભ્રષ્ટાચાર સંપૂર્ણ નાબૂદ કરવામાં મદદ મળશે.

રાષ્ટ્રપતિએ જણાવ્યું કે, ભ્રષ્ટાચારને નાબૂદ કરવાના ભાગરૂપે કેન્દ્ર સરકારે યોજનાના લાભો લાભાર્થીઓના બેંક ખાતામાં આપવા, ઇ-માર્કેટ પ્લેસ જેવી વિવિધ પહેલો હાથ ધરી છે.

તેમણે કહ્યું કે, ભ્રષ્ટ કર્મચારી સામે તત્કાળ કાયદાકીય પગલાં લેવા જરૂરી છે. જો કે, આવા પગલાંનો હેતુ સમાજમાં ન્યાય અને સમાનતાની સ્થાપના કરવાનો હોવો જોઇએ.

આ પ્રસંગે કેન્દ્રીય તકેદારી કમિશ્નર પી.કે. શ્રીવાસ્તવે ભ્રષ્ટાચારને નાબૂદ કરવા કેન્દ્ર સરકારે લીધેલા પગલાંઓની વિગતો આપી હતી.

## EVE PM-MAHARASHTRA CAMPAIGN

મહારાષ્ટ્રમાં ઉજ્જવલા યોજના હેઠળ 50 લાખથી વધુ મહિલાઓને રાંધણગેસના જોડાણો અપાયા છે તેમજ હર ઘર જલ યોજના હેઠળ સવા કરોડથી વધુ પરિવારોને પાઇપ વડે પીવાનું પાણી આપવામાં

આવી રહ્યું છે. ભાજપના વરિષ્ઠ નેતા અને પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ આજે નાસિકમાં એક રેલીને સંબોધતા આ મુજબ જણાવ્યું હતું.. તેમણે કહ્યું કે, કેન્દ્રની એનડીએ સરકાર અને મહારાષ્ટ્રની મહાયુતિ સરકાર સમાજના વંચિતોના કલ્યાણ માટે પ્રતિબધ્ધ છે.

શ્રી મોદીએ કહ્યું કે, મહારાષ્ટ્રમાં પ્રધાનમંત્રી આવાસ યોજના હેઠળ સાત લાખથી વધુ પાકા આવાસોનું નિર્માણ કરાયું છે. એવી જ રીતે, સાત કરોડથી વધુ લોકોને વિનામૂલ્યે અનાજ પુરુ પાડવામાં આવી રહ્યું છે. પ્રધાનમંત્રીએ મહારાષ્ટ્રમાં રાજ્ય સરકાર દ્વારા હાથ ધરાયેલા વિવિધ પ્રોજેક્ટોની વિગતો આપી હતી. આ અગાઉ, પ્રધાનમંત્રીએ ધુળે ખાતે ચૂંટણી સભા સંબોધી હતી.

ઉલ્લેખનીય છે કે, મહારાષ્ટ્ર વિધાનસભાની ચૂંટણીમાં આગામી 20મી નવેમ્બરે મતદાન થશે અને 23મી નવેમ્બરે મતગણતરી હાથ ધરાશે.

## MAHA.-AMIT-SHAH

ભાજપના વરિષ્ઠ નેતા અને કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહે જણાવ્યું છે કે, મહારાષ્ટ્રના મતદારો ભાજપ- શિવસેના- એનસીપીની આ સરકારની કામગીરીને ધ્યાનમાં લઇને રાજ્ય વિધાનસભાની ચૂંટણીમાં મહાયુતિ સરકારને વિજયી બનાવશે. રાજ્યના સાંગલી જીલ્લામાં એક રેલીને સંબોધતા તેમણે કહ્યું કે, મહાયુતિ સરકાર રાજ્યના વિકાસ માટે છેલ્લા બે વર્ષથી કાર્યરત છે. શ્રી શાહે ભારપૂર્વક જણાવ્યું કે, મહાયુતિ સરકારે તેમણે ચૂંટણીમાં આપેલા બધા જ વચનો નિભાવ્યા છે.

## JHARKHAND-RAHUL

કોંગ્રેસના વરિષ્ઠ નેતા રાહુલ ગાંધીએ ઝારખંડ વિધાનસભાની ચૂંટણીને ઇન્ડિયા અને ભાજપ- RSSના આદર્શ સંબંધી વૈચારિક ઘર્ષણ ગણાવી છે. ઝારખંડના સીમડેગા ખાતે ચૂંટણી રેલીને સંબોધતા તેમણે કહ્યું કે, ઇન્ડિયા ગઠબંધનને સત્તા મળે તો જાતિ આધારિત વસ્તી ગણતરી હાથ ધરાશે. શ્રી ગાંધીએ ભાજપની આદિજાતી સમુદાય અંગેની કથિત વિરોધી નિતીની ટીકા કરી હતી.

ઉલ્લેખનીય છે કે, ઝારખંડ વિધાનસભાની ચૂંટણી 13મી અને 20મી નવેમ્બરે બે તબક્કામાં યોજાશે. મહારાષ્ટ્ર અને ઝારખંડ વિધાનસભાની ચૂંટણીની સાથે યોજાનારી કેરળની વાયનાડ અને મહારાષ્ટ્રની નાંદેડ લોકસભા બેઠકોની પેટાચૂંટણી માટેનો પ્રચાર વેગવાન બન્યો છે.

## CPPS PILOT RUN

કર્મચારી પેન્શન યોજના માટેના તેમજ નવી કેન્દ્રીય પેન્શન ચૂકવણી અંગેના પાયલટ પ્રોજેક્ટની ચકાસણી સફળતાપૂર્વક સંપન્ન થઇ છે. કેન્દ્રિય શ્રમ અને રોજગાર મંત્રી મનસુખ માંડવિયાએ જણાવ્યું હતું કે, આ પાયલટ પ્રોજેક્ટ હેઠળ જમ્મુ, શ્રીનગર અને કરનાલ ક્ષેત્રમાં ગત ઓક્ટોબર મહિનામાં 49 હજારથી વધુ પેન્શન ધારકોને કર્મચારી પેન્શન યોજના હેઠળ 11 કરોડ રૂપિયાની રકમ ચૂકવવામાં આવી છે. તેમણે વધુમાં જણાવ્યું કે, કર્મચારી ભવિષ્ય નિધિ સંસ્થા- EPFOના માહિતી ટેક્નોલોજી આધુનિકીકરણ પ્રોજેક્ટ હેઠળ નવી પેન્શન ચૂકવણી પધ્ધતિનો અમલ આગામી જાન્યુઆરીથી થવાનો છે. જેનો લાભ EPFOના 78 લાખથી વધુ પેન્શન ધારકોને મળશે.

## GOA FILM FESTIVAL

માહિતી અને પ્રસારણ મંત્રાલય દ્વારા આયોજિત 55મા આંતરરાષ્ટ્રીય ગોવા ફિલ્મ ફેસ્ટિવલમાં મર્કટ બ્રોસ નિર્મિત ગુજરાતી ફિલ્મ 'કારખાનું' પસંદગી પામી છે. જેનું દિર્ગદર્શન ઋષભ થાનકી દ્વારા કરવામાં આવ્યું છે. કેન્દ્ર સરકાર દ્વારા યોજાતા આ ખૂબ જ નામાંકિત ફિલ્મ ફેસ્ટિવલમાં લગભગ 3 વર્ષ બાદ કોઈ ગુજરાતી ફિલ્મની પસંદગી થઇ છે. ફિલ્મની વાર્તા પાર્થ મધુકૃષ્ણ,ઋષભ થાનકી અને પૂજન પરીખે લખી છે. અર્ચન ત્રિવેદી, મકરંદ શુક્લ, રાજુ બારોટ, કાજલ ઓઝા વૈધ, પાર્થ મધુકૃષ્ણ, હર્ષદીપસિંહ જાડેજા, હાર્દિક શાસ્ત્રી, દધીચિ ઠાકર સહિતના કલાકારોએ અભિનય કર્યો છે.

## T20 CRICKET

ભારત અને દક્ષિણ આફ્રિકા વચ્ચે ચાર ટી-20 ક્રિકેટ મેચની શ્રેણીની પ્રથમ મેચ આજે ડરબનના કિંગ્સમીડમાં રમાશે. ભારતીય સમય અનુસાર રાતે સાડા આઠ વાગ્યે આ મેચ શરૂ થશે. બંને ટીમો વચ્ચે છેલ્લે જૂનમાં ટી-20 વિશ્વકપના ફાઇનલમાં મુકાબલો થયો હતો. ભારેત સાત રનથી આ મેચ જીતી લીધી હતી.

ભારતીય ટીમે છેલ્લી ટી20 શ્રેણી બાંગ્લાદેશ વિરુદ્ધ ત્રણ – શૂન્યથી જીતી લીધી હતી.

## REV.-DAY-BADMNTON

ભારતના કિરણ જ્યોર્જે કોરિયા માસ્ટર્સ બેડમિન્ટન સ્પર્ધાની પુરુષોની સિંગલ્સની સેમિફાઇનલમાં પ્રવેશ કર્યો છે. સ્પર્ધાની ક્વાર્ટર ફાઇનલમાં કિરણે જાપાનના તાકુમા ઓબાયાશીને સીધા બે સેટમાં પરાજય

આપીને સ્પર્ધાની સેમિફાઇનલમાં પ્રવેશ કર્યો છે. આવતીકાલે રમાનારી સ્પર્ધાની સેમિફાઇનલમાં કિરણ જ્યોર્જ અને થાઇલેન્ડના કુનલાવુત વચ્ચે મુકાબલો થશે.

## CHATTH PARV

આજે સવારે ઉગતા સૂર્યને અર્ધ્ય અર્પણ કરવાની સાથે જ દેશભરમાં છઠ પર્વનું સમાપન થયું છે. આ અવસર પર પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ સમગ્ર દેશવાસીઓને શુભેચ્છા પાઠવી છે. એક સોશિયલ મીડિયા પોસ્ટમાં શ્રી મોદીએ આ પર્વની શુભકામના પાઠવવાની સાથે જ એક વીડિયો પણ શેર કર્યો છે જેમાં છઠ પર ભક્તો દ્વારા કરવામાં આવતી વિધિઓ બતાવવામાં આવી છે.

નોંધનીય છે કે લોક આસ્થાના આ મહા પર્વની શરૂઆત મંગળવારે નહાય-ખાયથી થઈ હતી, જે આજે ઉગતા સૂર્યને અર્ધ્ય અર્પણ સાથે સમાપ્ત થઈ હતી.દિલ્લી તેમજ પટના સહિત સમગ્ર બિહારમાં આજે વહેલી સવારથી જ ગંગા નદી તેમજ જુદા જુદા તળાવ અને જળાશય કિનારા પર બનાવમાં આવેલા છઠ ઘાટ પર ભાસ્કરને અર્ધ્ય અર્પણ કરવા માટે શ્રદ્ધાળુઓની ભારે ભીડ જોવા મળી હતી..

ભારતીય રેલવેએ છઠ પૂજાની ઉજવણીના સમાપન બાદ પ્રવાસીઓના ધસારાને જોતા 500થી વધુ વિશેષ ટ્રેનની વ્યવસ્થા કરી છે. રેલવે બોર્ડે એક નિવેદનમાં જણાવ્યું છે કે આજથી પરત ફરતા મુસાફરો માટે વિશેષ ટ્રેનોની જાહેરાત કરવામાં આવી છે.

## J&K-TERRORIST

ઉત્તર કાશ્મીરના બારમુલ્લા જિલ્લામાં સોપોર વિસ્તારમાં સલામતી દળો સાથેની અથડામણમાં બે ત્રાસવાદીઓ માર્યા ગયા છે. કાશ્મીર ઝોનના પોલિસ પ્રવક્તાએ જણાવ્યું હતું કે, જિલ્લાનાં પાણીપોરા સોપોરમાં ત્રાસવાદીઓની હાજરી હોવાની મળેલી બાતમીને પગલે ગઈ રાત્રિએ સલામતી દળોએ સંયુક્ત અભિયાન હાથ ધર્યું હતું. સલામતી દળો છુપા સ્થળે પહોંચ્યા ત્યારે ત્રાસવાદીઓએ ગોળીબાર કર્યો હતો. ઘટના સ્થળેથી સંડોવણીજનક દસ્તાવેજો, શસ્ત્ર સરંજામ જપ્ત કરવામાં આવ્યા છે. માર્યા ગયેલા ત્રાસવાદીઓની ઓળખ કરવામાં આવી રહી છે.

## MILITARY HERITAGE FESTIVAL

ભારતીય સૈન્ય વિરાસત ઉત્સવની બીજી વાર્ષિક આવૃત્તિનો આજે રાજધાની નવી દિલ્હીમાં પ્રારંભ થયો છે. બે દિવસ ચાલનારા આ ઉત્સવનો હેતુ વૈશ્વિક અને ભારતીય થિંકટેંક, કોર્પોરેશન, જાહેર તેમજ ખાનગી કંપનીઓ, સ્વયંસેવી સંસ્થાઓ, શિક્ષણવિદો તેમજ સંશોધન વિદ્વાનોને દેશની રાષ્ટ્રીય સુરક્ષા, વિદેશ નીતિ, લશ્કરી ઇતિહાસ તેમજ લશ્કરી વારસા વિશે માહિતી આપવાનો છે.

લશ્કરની ત્રણેય પાંખના વડા – CDS જનરલ અનિલ ચૌહાણ - ભૂમિ, જળ તેમજ વાયુદળના પ્રમુખ સાથે આ ઉત્સવનું ઉદ્ઘાટન કર્યું હતું. ઉત્સવની શરૂઆતમાં પ્રોજેક્ટ ‘શૌર્ય ગાથા’નું લોકાર્પણ કરાયું.

## REV JAISHANKAR-SINGAPORE

વિદેશમંત્રી ડૉ. એસ જયશંકરે ભારપૂર્વક જણાવ્યું કે ભારત અને આસિયાન દેશો વચ્ચેનો સહકાર સમકાલીન પડકારોનો સામનો કરવા માટે નિર્ણાયક સાબિત થઈ શકે છે. ડૉ. જયશંકર આજે સિંગાપોરમાં

આસિયાન – ઇન્ડિયા નેટવર્ક ઑફ થિંક ટેન્ક્સની 8મી ગોળમેજી પરિષદને સંબોધી રહ્યા હતા.

ભારત અને આસિયાન વચ્ચેની વ્યૂહાત્મક ભાગદારી પર ભાર મૂકતા તેમણે જણાવ્યું કે બંનેની વસતી સંબંધી બાબતો અને વધતી માગ એકબીજાને મદદરૂપ બની શકે છે, જે વૈશ્વિક અર્થતંત્રનું ચાલક પરીબળ બની શકે છે.

ડૉ. જયશંકરે ભારત અને આસિયાનના સહિયારા પ્રદેશોમાં રાજકીય પ્રશ્નોને સ્વીકારતા તેમને સામૂહિક રીતે સંબોધિત કરવાની જરૂરિયાત હોવાનું જણાવ્યું. ડૉ. જયશંકરે નવા નેટવર્કની પહેલ પર ભાર મૂકતા પૂર્વમાં ત્રીપક્ષીય હાઇવે પ્રોજેક્ટ જેવા ક્ષેત્રોમાં ભારતની પ્રતિબદ્ધતાઓ વિશે વાત કરી.

## CAG-SPORTS-COMPLEX

કોમ્પટ્રોલર અને ઓડિટર જનરલ ગિરિશચંદ્ર મુર્મુએ દેશભરની કેગની ઓફિસોના કર્મચારીઓ માટે રાંચીમાં ખાસ રમતગમત સંકુલનું ઉદઘાટન કર્યું છે. આ રમતગમત સંકુલમાં ક્રિકેટ, ફુટબોલ અને હોકીના ખેલાડીઓને પ્રેક્ટિસ કરવા માટે ખાસ સુવિધાઓ અપાઇ છે. શ્રી મુર્મુએ વિશ્વાસ વ્યક્ત કર્યો કે, રાંચી ખાતેનું આ રમતગમત સંકુલ દેશભરની કેગ ઓફિસના કર્મચારીઓ માટે રમતગમતનું કેન્દ્ર બની રહેશે.